ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# સમતામુલક સમાજ સંરચનામાં ડો.આંમબેડકરજીનું પ્રદાન

(એક વર્ણાત્મક મૂલ્યાંકન)

**Dr. Ambedkarji's contribution in egalitarian social structure**

**(A descriptive assessment)**

**Dr. AMAR B.PATEL**
Assistant Professor Saurashtra University Rajkot

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

## સારાંશ

પ્રસ્તુત સંશોધનમાં ભારતમાં સમતામુલક સમાજની સ્થાપના માટે ડો.આંબેડકર દ્વારા કરવામાં આવેલ પ્રયાસો પર પ્રકાશ પાડવામાં આવેલ છે. તેમના કાર્યોને આધારે તેમની જુદી જુદી ભૂમિકાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ઉપરાંત સમાજમાં સમાનતા સ્થાપિત કરવા તેમના દ્વારા કરવામાં આવેલ કેટલાક મહત્વના કાર્યોનું વર્ણન કરવામાં આવ્યું છે જે તેમને એક અદ્વિતીય યુગ પુરુષ તરીકેની અલગ છબી પૂરી પાડે છે.

**મહત્વના શબ્દો:** સમતામુલક સમાજ,સંરચના,પ્રદાન

## પ્રસ્તાવના

"હું પ્રથમ ભારતીય તથા અંતે પણ ભારતીય છુ"

ઉપરોક્ત અદ્વિતીય વિચાર ડો.બાબાસાહેબ આંમબેડકરનો છે. એ બાબાસાહેબ આંમબેડકર કે જે સાચા દેશભક્ત , સમાજસુધારક, ઉમદા રાજકારણી , ઊંડા તત્વચિંતક અને મહામાનવની શ્રેણીમાં મૂકી શકાય એવું વિરલ વ્યક્તિત્વ. ડો.બાબાસાહેબ આંમબેડકરનો જન્મ 14 એપ્રિલ 1891 માં મધ્યપ્રદેશમાં થયો હતો , એમનું જીવન આશ્ચર્યજનક ,રોમાંચક અને એક અવિશ્વનીય કથા જેવુ છે. એક અસ્પૃશ્ય બાળક કે જે બાળપણથી લઈ યુવા અવસ્થા સુધી ડગલે ને પગલે અપમાન તેમજ બધી ભયાનક મુશ્કેલીઓ પાર કરી વિશ્વસ્તરની યુનિવર્સિટીઓ માંથી ઉચ્ચ ડિગ્રીઓ પ્રાપ્ત કરી પોતાનું સંપૂર્ણ જીવન અન્યાય-અત્યાચાર અને માનવ અધિકારોથી વંચિત જાતિવાદી-સામાજિક વ્યવસ્થાને સમાપ્ત કરવા માટે સમર્પિત કરી દે છે અને પોતાના ત્રણ મહત્વના હથિયારો વિદ્યા , સ્વાભિમાના અને શીલ ના આધારે વિજય પ્રાપ્ત કરે છે. એ વ્યક્તિ વિશે આજે મને લખવાની તક મળી એ બદલ હું ધન્યતાની લાગણી અનુભવી રહ્યો છુ અને જીવન પર્યંત અનુભવતો રહીશ.

## ડો.બાબાસાહેબના વિચારો દ્વારા સમતામુલક સમાજ સંરચના પ્રયાસો

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

- **બાબાસાહેબ આત્મજ્ઞાની અને તત્વચિંતક તરીકે**

"દરેક વ્યક્તિને પોતાના જીવનનું ધ્યેય અવશ્ય હોવું જોઇયે " તેવું બાબસાહેબનું સ્પષ્ટ પણે માનવું હતું. (આકાશવાણી દિલ્હી કેન્દ્ર ઓક્ટોબર (1954). નક્કી કરેલ ધ્યેયના માધ્યમથી આપણે જીવનમાં કેટલું સારું કર્યું અને કેટલું ખરાબ તેનું મૂલ્યાંકન કરી શકીએ છીએ. બાબાસાહેબે એમના જીવન તત્વજ્ઞાનને ત્રણ શબ્દોમાં સમાવી લીધું હતું સ્વતંત્રતા, સમતા અને બંધુતા. તેઓ સ્વતંત્રતા અને સમતાને મહત્વ આપતા પરંતુ અમર્યાદ સ્વતંત્રતા સમતાની મારક છે અને અમર્યાદ સમતા આવતા સ્વતંત્રતા જોખમશે એ વાત તેઓ જાણતા હતા ઉપરાંત સ્વતંત્રતા અને સમતાની પ્રતિકુળ અસરો રોકવામાં કાયદો સમર્થ થસેજ એમ ચોકસ ના કહી શકવાને કારણે તેઓ બંધુતાને વિશેષ મહત્ત્વ આપતા. સદભાવ એ બંધુતાનું બીજું નામ છે સદભાવબંધુતા અથવા ધર્મ પવિત્ર હોવાથી તેનું સન્માન કરવું દરેકનું કર્તવ્ય છે. એમના તત્વ જ્ઞાનનું મૂળ રાજકારણ નહીં પરંતુ ધર્મ હતું. " તું પોતે પોતાનો ઉદ્ધારક થા " (જનતા સામાયિક – માર્ચ-1933 ). ભારતના દલિતોની સ્થિતિને ધ્યાનમાં લઈ ઊંડા ચિંતન બાદ પ્રસ્તુત વિચાર બાબાસાહેબે આપ્યો હતો જે દરેક વ્યક્તિને લાગુ પડે છે જેમાં તેઓ પોતે પણ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓ પણ ઉદ્ધારક નથી. વ્યક્તિ પોતે પોતાનો ઉદ્ધાર કરવા માટે પૂરતો સમર્થ છે એ વાત પર તેઓ ભાર મૂકે છે.

**-બાબાસાહેબ રાષ્ટ્રપ્રેમી અને ધર્મપ્રેમી તરીકે**

"જો તમે પોતાના રાષ્ટ્રની ઉન્નતિ કરવા ઇચ્છતા હો તો આના માટે પ્રયત્ન થવા જોઇયે" (મૂકનાયક – જુલાઇ -1920). રાષ્ટ્રની ઉન્નતિ માટે કોઈપણ રાષ્ટ્રમાં કે સમાજમાં આંતરિક એકતા હોવી જોઇયે કારણ કે વિષમ સમાજમાં આવેલી દુર્બળતાને જોઈ કોઈ પણ પરદેશી તમારા પર ઝાપટ મારી શકે છે. જો દેશની નિરપેક્ષ ભાવે સેવા કરવી હોય તો કથન અનુસાર કથની નહીં પરંતુ કરણી અનુસાર સમાજની વિષમતઓ દૂર કરવાનો પ્રયત્ન થવો જોઇયે. " કોઈ પણ મહાન વ્યક્તિથી પણ દેશ હમેશા મોટો હોય છે " (વલ્લભભાઈ ને લખેલ પત્ર- ઓક્ટોબર -1946). દલિતો માટેના અલગ મતદાન

અધિકાર અને ગાંધીજી દ્વારા દલિતો માટે અલગ શબ્દ પ્રયોગ હરીજનના અસ્વીકાર બદલ ગાંધીજી સાથેના પોતાના મતભેદને ધ્યાનમાં રાખી બાબાસાહેબ દ્વારા પ્રસ્તુત કથન કરવામાં આવ્યું હતું જે સર્વથા યોગ્ય છે. " દેશના મંત્રીએ એવું જીવન જીવવું જોઇયે જે સુસંસ્કૃત હોય,કલાની કદર કરતું હોય,જ્ઞાનની કદર કરનાર હોય અને બાકીના માટે આદર્શરૂપ હોય " (મુંબઈ વિધાનપરિષદ-ઓગસ્ટ -1937). રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત લોકો અને તેમના પ્રતિનિધિ કેવા હોવા જોઇયે તે અંગે બાબા સાહેબના વિચારો સ્પષ્ટ હતા અને તેમના ફક્ત વિચારોમજ નહીં પરંતુ તેમના આચરણમાં પણ એની ઝલક જોવા મળતી. " બધા દેશોનો ધર્મ એક જ છે – દયા ધર્મનું મૂળ છે " (મૂકનાયક સામાયિક-જૂન-1920). પ્રસ્તુત વિચાર એમની ધર્મ પ્રત્યેની સમજ અને માનવ પ્રત્યેના અનુરાગની ચરમ સીમાનું વર્ણન કરે છે. દેશબંધુઓની સેવા કરવી , જનતા જનાર્દનની મદદ કરવી,તેમની સંભાળ રાખવી એ સાચો ધર્મ છે એવું એમનું માનવું હતું.

- બાબાસાહેબ સમાજસુધારક અને નવરચનાવાદી તરીકે

" ઉઠો ,જાગો વિદ્યારૂપી અમૃત પાણ કરો " (મૂકનાયક-સામાયિક-ઓક્ટોબર-1920).

બાબાસાહેબ અનંત વિદ્વાન હતા તેઓ વિદ્યાનું મહ્ત્વ જાણતા હતા. આથી તેઓએ ભારતના યુવાનોને વિદ્યા પ્રાપ્ત કરવા માટેનું આહ્‌વાહ્ન કર્યું. માત્ર પુરુષોજ નહીં પરંતુ ઘરની બેહેન-દીકરીઓને પણ શિક્ષિત કરવા માટેનું સૂચન કર્યું. જે વિચારે છે તે વિકસે છે, નેકી અને બદીની સમજ પ્રાપ્ત કરે છે તેમજ અયોગ્ય અને પ્રતિકૂલ નીતિ નિયમો વિરુદ્ધ વિરોધ કરવાની હિમ્મત પ્રાપ્ત કરે છે. "ખોટી રીતો અને પરંમપરાઓનો ત્યાગ કરવો" (નાગપુર અધ્યક્ષીય ભાષણ-ઓગષ્ટ -1930) દલિતોની મુક્તિ સામાજિક ઉન્નતિમાં સમાયેલી છે એ વાત બાબાસાહેબ જાણતા હતા આથી એમને દલિતોને ખોટી રીતો અને પરંમપરાઓનો ત્યાગ કરી વધુ શિક્ષણ લેવા માટેની સલાહ આપી. જે સ્થિતિ છે એમાં ના ચલાવી લેવાની વૃત્તિમાં જ ઉન્નતિ રહેલી છે. રાજકીય સત્તા ઉદેશ પાર પાડવા માટેનું એક સાધન માત્ર છે. "ગતિશીલ-પરિવર્તનશીલ સમાજ " ( લાહોર

પ્રવચન-1936) બાબાસાહેબના માતાએ આદર્શ સમાજ સ્વતંત્રતા ,સમતા અને બંધુતા પાર આધારિત હોય છે. પોતાના દેશબાંધવો પ્રત્યે માન અને આદરની ભાવના હોય અને વિચારોની મુક્ત રીતે વહેંચણી થતી હોય એવા સમાજનો વિચાર બાબાસાહેબનો હતો જેમાં ઊધ્વગામિતા હોય.વિરોધ માટે વિરોધ ન કરવો ( જનતા સામાયિક - 1948)બાબાસાહેબ કોંગ્રેસની અમુક નીતિના વિરોધી હતા છતાં માત્ર વિરોધ માટે વિરોધ કરવો તે એમને યોગ્ય લાગતું ના હતું આથી જ્યાં સારું થતું હોય અને દેશહિતમાં હોય તેને સહકાર આપવો એવું એમનું માનવું હતું. બંધારણમાં મળેલ અનામત માટે કોંગ્રેસનો સહકાર મહત્વનો હતો એમ એમનું માનવું હતું.

- બાબાસાહેબ બંધારણના ઘડવૈયા તરીકે

“રાષ્ટ્રના ભાવિ વિશે નિર્ણય લેવાની વાત હોય ત્યારે લોકોના મોભા ,નેતાઓના મોભા કે પાર્ટીઓના મોભાને કોઈ સ્થાન જ નથી. દેશના ભાવિને જ મહત્ત્વ આપવું જોઇયે”

17/12/1946 બંધારણ સભામાં આપેલ પ્રથમ પ્રવચન

બાબાસાહેબને ભારતીય બંધારણના નિર્માણમાં ઐતિહાસિક અને અદ્વિતીય કાર્ય માટે યાદ કરવામાં આવે છે. આ ઉપરાંત સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા મંત્રી તરીકે પણ એમનું યોગદાન અદ્વિતીય છે. એમને ભારતમાં આધુનિક કાયદાનો પાયો નાખ્યો.તેમના મતે સ્વાતંત્ર મેળવવું જેટલું મહત્વનુ છે તેના કરતાં તેને સાચવવાનું વધુ મહત્વનુ છે. સ્વાતંત્રની જરૂરિયાત જેટલી ઉપલા વર્ગને છે એટલીજ નીચલા વર્ગને પણ છે. એમના મતે માત્ર રાજકીય લોકશાહીથી સંતોષ માનવો જોઇયે નહીં આપણે આપણી રાજકોય લોકશાહીને સામાજિક લોકશાહી પણ બનાવવી જોઇયે. સામાજિક લોકશાહી એ જીવનની એક રીત છે જે સ્વાતંત્રતા ,સમાનતા અને બંધુતત્વને જીવનના એક સિદ્ધાંત તરીકે સ્વીકારે છે. સમાનતા વિના, સ્વતંત્રતા ઘણાની ઉપર થોડાની સર્વોપરિતા ઉત્પન કરશે. સ્વાતંત્રતા વિનાની સમાનતા વ્યક્તિગત પહેલને મારી નાખશે અને બંધુત્વ વિના, સ્વતંત્રતા અને સમાનતા વસ્તુઓનો કુદરતી માર્ગ બની શકે નહીં. આમ

સમાજના દરેક પાંસાનો ઊંડો અભ્યાસ કરી તેઓએ સમાજને એક ન્યાયપૂર્ણ બંધારણ આપવાનો પ્રયાસ કર્યો હતો.

## ડો.બાબાસાહેબના કાર્યો દ્વારા સમતામુલક સમાજ સંરચના પ્રયાસો

(1) સામાજિક સંસ્થાઓની સ્થાપના

ભારતીય સમાજમાં એકરૂપતા લાવવા અને અસ્પૂશ્યોને ન્યાય અપાવવા માટે બાબાસાહેબ દ્વારા વિવિધ સામાજિક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં (1) બહિષ્કૃત હિતકારીની સભા-1924 (2) સમતા સૈનિકદળ-1927 (3) સ્વતંત્ર મજૂર પક્ષ-1936 (4) આ.ભા શેડ્યુલ્ડ કાસ્ટ્સ ફેડરેશન-1942 (5) રિપબ્લિક પાર્ટી ઓફ ઈન્ડિયા-1957 ની રચના કરવામાં આવી હતી. જેના દ્વારા સામાજિક સમાનતાઓ માટે પ્રતિકૂલ એવી નીતિ-રીતિઓનો વિરોધ કરવામાં આવતો હતો.

(2)બાબાસાહેબનું પત્રકારત્વ પ્રદાન

સ્વંના અને સમાજના લોકોના વિચારોને વાંચા આપવા અને લોકજાગૃતિ કેળવવા માટે બાબાસાહેબે વિવિધ પાક્ષિકોની શરૂઆત કરી હતી જેમાં (1) મૂકનાયક-1920 (2) બહિષ્કૃત ભારત-1927 (3) જનતા-1930 (4) પ્રબુદ્ધ ભારત-1956 મુખ્ય હતા. પ્રસ્તુત પાક્ષિકો દ્વારા બાબાસાહેબ લોકોના વિચારોમાં પરીવર્તન લાવતા અને એમનામાં સમાનતાની ભાવના કેળવવા માટે પ્રયાસ કરતાં હતા.

(3)બાબાસાહેબની ગ્રંથ-સંપદા

બાબસાહેબ એક ઉત્તમ વિચારકની સાથે સાથે એક સારા લેખક પણ હતા. 1915 માં એમને પોતાનું પ્રથમ પુસ્તક " Administration and Finance of the East India Company" લખ્યું અને ત્યાર બાદ ભારતની વિવિધ પરિસ્થિતિઓ અનુસાર એમને વિવિધ વિષયો જેવા કે અસ્પુશ્યતા , જાતિ પ્રથા , રૂપિયાની સમસ્યાઓ ,સ્ત્રી સશક્તિકરણ, બોદ્ધધર્મ પર, મહારાષ્ટ્ર અને પાકિસ્તાન તેમજ ગાંધી અને જીન્ના વિશે પણ પુસ્તકો લખ્યા.1989માં " Untouchable or the children of India's Ghetto" નામનું પુસ્તક એમનું અંતિમ પુસ્તક હતું. તેઓએ કુલ 23 પુસ્તકોનું અમૂલ્ય પ્રદાન

સમાજને કર્યું છે. પ્રસ્તુત પુસ્તકોનો હેતુ સમાજની સાચી સ્થિતિ વર્ણવવાનો અને સમાજને યોગ્ય દિશા આપવાનો હતો.

(4)બાબસાહેબના મહત્ત્વના સત્યાગ્રહો

(અ) મહાડ સત્યાગ્રહ – માર્ચ (1927)

મહારાષ્ટ્રના રાયગઢ જીલ્લાના મહાડ વિસ્તાર આવેલ "ચૌદાર તળાવ" કે જે 1923માં મહાડ મ્યુનિસિપાલ્ટી દ્વારા જાહેર જનતા માટે ખોલવામાં આવ્યું હતું પરંતુ ત્યાના સવર્ણનોની બીક ને લીધે પછાત જાતિના લોકો તે તળાવનું પાણી પી શકતા ના હતા. બાબાસાહેબે પ્રસ્તુત સત્યાગ્રહની આગેવાની લઈ ચૌદાર તળાવનું પાણી પીને અને મનુસ્મૃતનું દહન કરીને સત્યાગ્રહ સંપન કર્યો હતો.

(બ) કાલારામ મંદિર સત્યાગ્રહ – માર્ચ (1930)

મંદિરોમાં પ્રવેશવાનો અને ભગવાનના રથને ખેંચવાનો પોતાનો અધિકાર મેળવવા માટે મહારાષ્ટ્રના નાસિક મુકામે આવેલ કાલારામ મંદિરનો સત્યાગ્રહ કરવામાં આવેલ હતો. આંદોલન દરમિયાન મંદિરના ચારેય દરવાજાઓ સામે બેસીને અત્યંત સંયમ , શાંતિ અને અનુશાસિત રીતે પ્રસ્તુત સત્યાગ્રહ કરવામાં આવેલ હતો.

(ક) ગોળમેજી પરિષદમાં રજૂઆત – માર્ચ (1930-32)

પ્રથમ ગોળમેજી પરિષદ કે જેનો કોંગ્રેસ અને ગાંધીજી દ્વારા બહિષ્કાર કરવામાં આવેલ એ પરિષદમાં બાબાસાહેબે હાજરી આપી અને ત્યાં અસ્પૃશ્યોના પ્રશ્નોની ધારદાર રજૂઆત કરી તેમજ તેમના માટે અલગ મતદાર મથકની માંગણી પણ કરી હતી.

(5)શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના

સમાજમાં જ્ઞાન રૂપી પ્રકાશનો ફેલાઓ થાય અને લોકો વધુને વધુ શિક્ષિત બને એ માટે બાબાસાહેબે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી હતી જેમાં (1)સિદ્ધાર્થ મહાવિદ્યાલય-1946 (2) મિલિન્દ મહાવિદ્યાલય – 1950 (3) સિદ્ધાર્થ લૉ કોલેજ-

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

1956. બાબાસાહેબ શિક્ષણને વિકાસનું એક અદ્વિતીય સાધન માનતા હતા આથી તેઓ જ્ઞાન રૂપી અમૃત પાન કરવાની વાત કરતાં હતા.

(6)બ્રાહ્મણ જ્ઞાતિમાં પુનઃ લગ્ન – એપ્રિલ (1948)

ડૉ. બાબાસાહેબ એ ડૉ.શારદા કબીર સાથે બીજા લગ્ન કર્યા હતા કે જેઓ જાતિએ બ્રાહ્મણ હતા. સમાજમાં આ વાતનો ખૂબ વિરોધ કરવામાં આવ્યો પરંતુ બુદ્ધિજીવી વર્ગે આની પ્રસંશા કરી. પ્રસ્તુત કાર્ય દ્વારા બાબાસાહેબ સમાજમાં આંતર-જ્ઞાતિ લગ્ન પ્રથાને ઉત્તેજન આપવા માટે પોતે ઉદાહરણ બને છે. સંવિધાનમા દરેક વ્યક્તિ સમાન છે આથી બાબસાહેબનું આ કાર્ય કથની પ્રમાણે કરણી સાબિત થાય છે.

(7)બોદ્ધ ધર્મનો સ્વીકાર – ઓક્ટોબર -1956

બાબાસાહેબના મતે જીવનમાં ધર્મ મહત્ત્વનો છે પરંતુ એને વળગી રેહવું યોગ્ય નથી. બાબાસાહેબ એવો કોઈ ધર્મ ના માનતા હતા જેમાં સમાનતા , સ્વતંત્રતા કે બંધુતા ના હોય. જીવનના અંતિમ તબક્કામાં બાબાસાહેબ બોદ્ધ ધર્મનો સ્વીકાર એટલા મતે કરે છે કે તેઓએ ઈસાઈ કે ઇસ્લામ જેવા વિદેશી ધર્મો સ્વીકારવા ના હતા. બોદ્ધ ધર્મની ઉત્પત્તિ ભારતમાં થયેલ હતી અને તે સમાનતા , સ્વતંત્રતા અને બંધુતાના પાયા પર ઘડાયેલ છે.

VIDHYAYANA

## સમાપન

જીવનના છેલ્લા શ્વાસ સુધી લડત આપનાર બાબાસાહેબ અટલ અને અડગ વિચારથીજ દોડતા રહેતા. તેમણે કદી નિરાશા કે હતાશા વ્યક્ત કરી ન હતી. તેમના આ અવિરત પ્રયાસોને કારણે જાગૃત્તિનો નવો પ્રકાશ રેલયો છે , જેનાથી આજનો ભારતીય સમાજ પ્રકાશિત થઈ રહ્યો છે. બાબાસાહેબ મૃત્યુ નથી પામ્યા પરંતુ શબ્દ-દેહમાં જીવી રહ્યા છે. શિક્ષિત બનો , સંગઠિત બનો અને ધ્યેય માટે લડતા રહો... એમના આ શબ્દો પ્રત્યેક ભારતીય નાગરિકના શ્વાસો-શ્વાસમાં સમાયેલ છે...અને આથી પ્રત્યેક શ્વાસ સાથે બાબાસાહેબ દરેક ભારતીયમાં સમાય છે અને તે પ્રક્રિયા અવિરત ચાલુ રહશે.........

બાબાસાહેબ અમર ના હતા પણ પોતાના ઉચ્ચ વિચારો અને કાર્યોથી અમર થઈ ગયા....બાબા સાહેબ ભારતીય સમાજનો એ દોરો છે જે દેખાતો નથી પરંતુ જેના થકી ભારતીય સમાજના દરેક મોટી પરોવાયેલા છે........

**REFERENCES:**

1. Agarwal, Sudarshan. Dr. B.R. Ambedkar, the Man and His Message: A Commemorative Volume.

Prentice Hall of India, 1991.

2. Ambedkar, Bhimrao Ramji. Dr. Ambedkar and Democracy: An Anthology. 2018.

3. Dr. Babasaheb Ambedkar, Writings and Speeches. 2002.

4. Ambedkar, B. R. The Buddha and His Dhamma: A Critical Edition. Oxford University Press, 2011.

5. Ambedkar, Mahesh. The Architect of Modern India: Dr. Bhimrao Ambedkar. Diamond Pocket Books Pvt Ltd, 2016.

6. Grover, Verinder. Political Thinkers of Modern India: B. R. Ambedkar. 1992.

7. Hande, H. V., and Bhimrao Ramji Ambedkar. Ambedkar & the Making of the Indian Constitution:

A Tribute to Babasaheb B.R. Ambedkar. 2009.

8. Mallaiah, L. C. The Relevance of Dr. B.R. Ambedkar's Views on Indian Agricultural Development. 2006.

9. Rao, G. R. S. Managing A Vision: Democracy, Development Governance. Gyan Publishing House, 2005.

10.https://en.wikipedia.org/wiki/B._R._Ambedkar

11.https://www.quora.com/What-are-the-Economic-Thoughts-of-Dr-B-R-Ambedkar